હરિશ્ચંદ્ર અને તારામતી

નાટકનાં ગાયન.

પ્રસીદ્ધ કરનાર,

C. G.

महादेव रामचंद्र जागुष्टे बुकसेलर.

પુસ્તકાલય—અમદાવાદ.

[illegible]

અમદાવાદ.

[illegible]

[illegible]

[illegible]

સંવત ૧૯૪૯ [illegible]

કિંમત [illegible]

१४/११ ४२ ७१३८

हरिश्चंद्र अने तारामतिना नाटकनां गायनो.

સ્થળ—નારદનું વિચાર ભુવન.

નારદ—(કહુ શું નશીબે દુઃખીઓ કીધો છે) એ રાહ.

બ્રહ્મા સુત હું નારદ કહાઉં, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું ટેક.
બાણાસુરને શ્રીકૃષ્ણ સાથે, તેમ વિશ્વામિત્ર વસિષ્ટ લડાવું બ્રહ્મા. બ્રહ્મા
મઝા બહુ જોવાની ત્યારે, આજ ઝટ ઇંદ્ર પાસે હું જાઉં. બ્રહ્મા

સ્થળ—ઇન્દ્રની કચેરી.

ઇંદ્રની સભા ભરાઇ છે એવામાં નારદમુની અંતરીક્ષથી પ્રવેશ કરે છે.

નારદ—ભજ મન નારાયણ નારાયણ નારાયણ એ રાહ.

મન ભજી લે, ભજી લે સીતા રામ; ટેક.
કોઇ ભજે વિસ્નુદેવા, કોઇ ભજે રામ;
કો ' શંકર ત્રીપુરારી, કો ' હરીનું નામ. મન.
ભજે કોઇ હનુમંત, કાળી મહાકાળી.
મહુચર, ચંડી કોઇ ભજે છે આરાસુરવાળી. મન.
સર્વજન એમ અનેક તરેહથી, પુજે સર્વ દેવ;
સેવા કરે દેવ તેની તેથી, પામે શીવ સુખ મેવ. મન.

પછી વસિષ્ટ અને થોડીવારે વિશ્વામિત્ર પ્રવેશ કરે છે, અને બને
રૂપીઓને ઇંદ્ર ઉભા થઇ પ્રણામ કરી કહે છે.

ઇન્દ્ર— **ગીતી.**

આપ પધારી અત્રે કૃતાર્થ મારો જનમારો કીધો;
દર્શન લાભ વળી દઇને, પાવન મારો ઠામ તમે કીધો.

થોડીવારે ઇંદ્ર નારદને પુછે છે.

ઇંદ્ર— **ભુપ કલ્યાણ.**

અહો નારદ મહારાજ, નમન કરૂં આજ;
કૃપા કરી દાસપરે, મારા શિરતાજ. ટેક.
પુછું પ્રશ્ન જે આજ, તમોને કૃપા કરી તે કહો;
મૃત્યુ લોકમાં કોણ નૃપ છે, સત્ય વાદી જે લહો. અહો.

નારદ— **ઉપલી રાહ.**

સુણ સુરેંદ્ર તું, જે સત્ય હું કહું;
પ્રશ્ન તારા તણો આજ, ઉત્તર હું લહું ટેક.
હરિશ્ચંદ્ર જે સુર્યવંશી તે, સત્યવાદી જે કહેવાય;
અયોધ્યા પુરી નૃપ તે છે, સરવ રાયનો રાય. સુણ.
કદી આભ ભુમંડળ બને, રસાતાળ થઈ જાય;
તોપણ તે અસત્ય વદે નહીં, એવો છે તે રાય. સુણ.
એના તુલ્યે કો જન, કોઈ જોયો નથી જગ માંહી;
સત્ય વચન હું મુખથી મારા, દરશાવું છું આંહી, સુણ.

નારદે આમ કહ્યાથી વિશ્વામિત્ર ને વશિષ્ટ બંને જણ સામ સામા વાદ કરે છે તેઓને ઇંદ્ર શાંત પાડે છે.

ઇંદ્ર— **ઇંદ્ર સભાની ઢબની ગજલ.**

શાંત થાઓ શાંત થાઓ તમે ઋષી રાય, કરો નહીં કલેશ કાંઈ, પોતાનીરેકાય
ધીરા થઇને સાંભળો, મારી એક વાત; સરતકરો બંને જણા, અત્રે એક સાક્ષાત
હારે બંને જણામાં કોઇ, આપે તારૂ ફળ; ખાલી કલેશ શાને કરો, થઇને આપ વીકળ

વશીષ્ટ
વિશ્વામીત્ર } બંને એજ રાહ.

કબુલ કબુલ કબુલ, સર્વ છે અમારે રાય.
હારે અમ એમાં તેનું તપ ફળ જાય.

વિશ્વામીત્ર— રાગ ઓખાહરણનો.

સાંભળો ઇંદ્ર મારી એક વાત, ધ્યાન દઇ તમે સાક્ષાત.
રાખો વશિષ્ટને તમ પાસ, જેથી પુરી થાએ મમ આશ.
આપો મદદે યમ અગ્નિદેવ, જેથી પામે સત્યનો ભેવ;

વશીષ્ટ—નહીં ફીકર રાખશો કાંઈ, ખુશી સાથ રહીશું સહુ આંહી.
થાય તેટલું કરી લેજો, દુઃખ દેવાય તેટલું દેજો;
સર્વ કષ્ટ સહને શીપજ કરશે, પણ નહીં કરશે તે રીસ.

સ્થળ—વિશ્વામિત્રનું વિચાર ભુવન.

વીશ્વામીત્ર—(હારી કેમ ચંદ્રભાગા આવતી નથી) એ રાહ.

કીધો વાદ મેરે મુની, વશિષ્ટ કેરી સાથ;
આમાં લજ્જા રાખનાર, છે જગતનો નાથ.
સાચાને જુઠો ઠરાવી, ખોટી કરી તકરાર;
હવે શો ઉપાય કરવો, જેથી પામું પાર.
ક્રોડ ઉપાય કરી એને, વદાવું અસત્ય;
તો તો જગમાં જશ વાધે, સૌ રાખે મમ પત્ય.

સ્થળ હરિશ્ચંદ્રની કચેરી.

હરિશ્ચંદ્ર–(મુજ ઉપર ગુજરી ચીતા પાદશાહ જાણી) એ રાહ.

કહો સચીવ મારા રાજ તણો વૃતાંત;
મમ પ્રજા સુખી કે દુઃખી, સુણવા ખાંત.
મુજ નગ્રમાં કેવો, ચાલે વિદ્યાભ્યાસ ?
કળા કૌશલ્યતાને, કેવો હુન્નર પ્રકાશ ?
ન્યાય શુભ રીતીથી, મળે છે પ્રજા જનને ?
શિક્ષા થાય કેવી વળી, દુષ્ટ દુરજનને ?

સઉ દેશ તણા ભુપ, આણ માને કે નહીં?
તેહ તણો ખુલાસો, તમે કરોને આંહી.

સત્યકીરતી—(અરે લાલદેવ ઈસ તરફ જલદી આવ) એ રાહ.
મહારાજ મનમા ન રાખોરે ભ્રાંત; કરૂં ખુલાશો જે છે સુણવારે ખાંત.
સહુ નૃપ આપણી, માને છે આણ; મળે ન્યાય સહુને, ગુનાની પ્રમાંણ;
હુન્નર, કળા, કૌશલ્યતાનો જમાવ, વિદ્યા દેવી ઉપર, બાળનો ભાવ:
નહીં. જોર દુશ્મનનું, દુરજનનું કાંઇ કહી સત્ય વાત મેં; આપને આંઇ

(કેટલુંક ભાષણ થયા બાદ વિશ્વામિત્રના બે શેવકો આવે છે.)

સેવકો—(બોલો બોલો વીચારીને આજ તોલ કરી) એ રાહ.

સુણો નૃપ આ, વીનતી આજ ઊર ધારી;
આવ્યા યાચવાને, કામ પડ્યું એક ભારી.
યજ્ઞ કરવા જોઇએ, હેમ એક લક્ષ ભારી;
આવ્યા જેથી છો તમે, બહુ પરોપકારી,
ઘણા યાચકો દાન આપ દયો છો ભારી;
સર્વ રંક કેરાં દુઃખ, આપ નાંખ્યા સરી.
છઇએ વિશ્વામિત્ર કેરા, શિષ્ય આજ્ઞાકારી;
આવ્યા આપ પાસે આજ, અમે ઉમંગ ધારી.

ખેડુતો— **રાગ ઓખાહરણ.**

આવ્યા ફરીયાદ કરવા કાજ, ધ્યાન ધરી સાંભળો મહારાજ;
આવ્યા જંગલી પશુઓ ભારી, ધાન ખાઇને કીધા દુખિયારી.
મારીએ પણ નહીં જાએ, ઉલટાં તે અમ સામાં ધાયે;
બાળ બચ્ચાંને પણ મારી નાંખે, નહીં બાકી કોઇને રાખે.
કોણ જાણે આવે ક્યાંથી ટોળાં, તેના લાગે બિહામણા ડોળા;
દેખાયા વિચિત્ર તેમના ડોળ, કૃપા કરી કરો તેની ખોળ.

(તે સાંભળી હરીશ્ચંદ્ર ક્રોધાયમાન થઇને.)

હરીશ્ચંદ— **કાહુરવો.**

(છોકરાઓ આવો ઝાપ કાંટે રમીએ આજેરે.) એ રાહ.

શાણા સરદારો મારા લગાડો ન વારરે,
ચાલો વેલા થાઓ, પશુ મારવાને ધાઓ. શાણા૦
રંક કેરી વારેરે, જે પશુઓને મારરે;
તેના ઇનામ દઉં ભારી, ચિત રાખો કહુ શીખ મારી;
હૈડામાં ઉલટ ધારી, હાથે લ્યો હથિયારરે. શાણા૦
કોઈ લ્યો ભાલા બરછીરે, સૌ ચાલો હરખીરે;
લ્યો કટાર ને તલવાર, બંદુક તેગંબર સાર;
કરો કામરુ તઇયાર, ચાલો હણવા પશુરે. શાણા૦
દયા કરો અળગીરે, નહીં માયાને રહો વળગીરે;
કરો અળગો સહુ પરીવાર, ધરો હીમતથી હથિયાર,
કહું હું કેટલીવાર કાયર થાઓ નહીરે. શાણા૦
જાઓ થાઓ તઇયારરે, હું આવું આ વારરે;
રાણી વાસમાં જઇ, પ્રિયા મારીને કહી.
નહીં બેસી રહું ત્યાં જઈ, આવ્યો વેગે અહીરે. શાણા૦

સ્થળ—રાજ મહેલ.

તારામતી— **દક્ષણી રાહની લાવણી.**

કેમ ના'વિઓ, હજુ પ્રાણપતિ પ્યારારે. ટેક.

મન મુંજાય, કંપે કાય, દુ:ખ થાય, દીલમાંય;
રહે છે જેથી ન્યારારે.
દાસી મારી, ધા તું આણી વારરે. કેમ.
ના'વ્યાં નાવ, વેગે જાવ; જલદી આવ, ખબર લાવ;
ખોટી ન થા લગારરે. કેમ.

દાસી—(નારીના કટાક્ષ પાસે પુરૂષ છે ગુલામ.) એરાહ.

કેમ ઉદાસ થાઓ. બાઈ? આવે પ્રાણનાથ;
કરો ચિંતા આમ નહીં, વીનવું જોડી હાથ.
રાજ્ય કેરા કાજમાં, રોકાણા તે હશે;
કાર્ય પુર્ણ કરીને, બાઈ, વેગે આવશે.
તેમ છતાં જાઉં બાઈ, લાવવા ખબર;
પ્રતિહાર કેરો મુને, આવે છે સવર.
પધારયા મહારાજ બાઈ, ચિંતા દૂર કરો;
જાઉં છું આંહીથી હવે, હૈયે હરખ ધરો.

દાસી જાયે છે.

તારામતી— રાગ કાલીંગડાની ઠબ.

કેમઆવ્યા ધસમસ્યા,કહો પ્રાણનાથ પ્યારા; એનું શુંકારણરે? મુજકહોરેજી.
સાંભળવા હાંસ ઘણી, હૈડા માંહી પ્યારા, બાવરા બન્યા છો, શા કારણરેજી.

હરીશ્ચંદ્ર ઉપલી રાહ.

આવ્યો રજા લેવા, તમ પાસે મારી પ્યારી; જાવુંછું અરણ્ય વિશે, આજરેજી.
આવી પશુ જંગલી, નુકશાન કરે ભારી; મારવાને માટે જવું, મહારેરેજી.
આવ્યા ખેડુત કરવા; મુજ પાસે પ્યારી; માટે તેઓ તણી વારે ધાવુંજીરે.
ઝટ રજા દઇ મુને, મારી પ્રાણ પ્યારી, ખોટી નકર જરા મુને, આંહીરેજી.
સર્વ સૈન્ય તૈયાર થઇ,ઉભુ મારી પ્યારી; વાટજોતાં હશેતે, સહુ મારીરેજી.
આવ્યો રજાલેવા મળવા,તુંને મારી પ્યારી;હવે જાઉંછું પ્યારી,હું ત્યાંહરેજી.
ન કરીશ ચિંતા મન, વેગે આવું પ્યારી; હરખથી રેજે હમેશાં, આંહીરેજી.

તારામતી— શીંહાનો કનરો.

કૃપા કરી સ્વામી સંગે લ્યો મારા; વિનવે જોડી હાથ તમને આદારા. કૃપા.
અરણ્ય જોવાની હોંશ છે મુજને; વળી સંગે રહેવા માગું હું પ્યારા. કૃપા.

કદી અળગી નહી હું તમથી; એવી પ્રતિજ્ઞા કરૂ સ્વામી મારા. કૃપા.
પતિવ્રતાનો ધરમ હું પાળું, પુરણ પ્રિતે ચિતે અંગે હું મારા. કૃપા.
આવવા આપને અરજી ગુજારૂં; તે સ્વીકારો તમે પ્રાણ પ્યારા. કૃપા.

હરિશ્ચંદ્ર— આશાગોડી.

અત્રે રહે તું વિચારી, પ્રિયા મારી અત્રે રહે તું વિચારી. ટેક.
છે અયોગ્ય આવવું સંગે, રહે તું અત્રે હોંશ ધારી. પ્રિયા૦
જંગલી પશુઓ બહુ ઘાતકી છે, દેખી બીહે તુંતો પ્યારી. પ્રિયા૦
નથી એમાં ઝાઝા દીન થવાના, આવીશ ઝટ એને મારી. પ્રિયા૦
શાને માટે કરે પ્રતિજ્ઞા અયોગ્ય એ પ્યારી. પ્રિયા૦
ધઇરિય ધરી નારી અતરે રહે તું, ચિંતા તજી હોંશ ધારી.

સ્થળ—જંગલમાં વિશ્રામઠામ.

હરિશ્ચંદ્ર— સોયણીની ગજલ.

(હાલ ફીદી છે દુઃખની ઢીલમાં.) એ રાહ.

સુણ પ્યારી, આજ મારી, સ્વમા તણી વાતરે. ટેક.
મુજ પિતા સ્વર્ગે ગયો, રાજ કાજમેં ગ્રહયો;
પરણી પ્રેમદા સુખી થયો, પંચ સાક્ષાતરે. સુણ.
રૂપી આવ્યા એ સમે, તેણે કહયું સ્ત્રી એક હયો તમે;
તેની સંગે બીજી ભમે, તેથી દુઃખ થયું મુજ ગાતરે. સુણ.
ત્રીજી તો વળી અધ થઈ, ચોથી તજીને જતી રહી;
એક મુજ સંગમાં રહી, તેથી શું કહું તુને વધુ ભરાતરે સુણ.

સત્યકીરતા. સોરઠની ગજલ

સુણો સ્વામી મારા, જે સ્વપ્નરે તમને થયું. એ ટેક.
જોગી સંગે જે જસે, તે રાજ્ય તમારૂ હશે,

બીજી જાસે તેના સંગમાં, તે લક્ષ્મી ધારી કહું. સુણો.
ત્રીજી નારી જે અંધ થાશે, તે તુમ પ્રીયા વેચાશે;
ચોથી તજીને જતી રે'શે, તે પુત્ર આપને સત્ય કહું. સુણો.
પાંચમી રહેશે આપ સંગ કદી, સત્યતામાં ન પડે ભંગ
મમવાત સરવે સાચી જાણો, જે કહેતાં મુજ દુઃખ ભયું. સુણો.

ગુણકાઓ— **કુંભરી.**

આપના દરશન અખીયા બી તરસ રહી; મોહે પલ પલ નીંદ ન આવેને આ.
જ્યુંન ચાહે મીન, જલકું ચાતે; યું ચાહુ મેં આપકું પ્રીતરે. આ.
ચંદ્ર બિના જ્યું ચકોર દુઃખી; આપ બીન ઘડી ન પામુ સુખીરે. આ.
દેખ મેં મુખડા, દુઃખડા કીયા દુર; ઘડી ભર આપ બીના રખુ ન સબુરરે. આ.

સત્યકીરતી— (ક્ષત્રી કલંક કેમ લેશેરે) એ રાહ.

શું મુખથી બોલો આ વચન, માગો શું વીચાર કરયા વીનારે;
કેમ માગો રાજ્ય છત્ર રાજન, એ તો રાજ્યનું ચીન્હ કહેવાય, માગો.
માગો માગો બીજુ તમે આજ; જેથી થાય સફળ સહુ કાજ. માગો.

હરિશ્ચંદ્ર— ઉપલી રાહ.

આવું અઘટિત કેમ વદો વેણ? વારાંગના વીચારી વદોરે.
પર સ્ત્રી મારે માતને બેન, સ્ત્રી હત્યા મુજથી નવ થાય; વારાંગના.
તેથી પ્રાણુ તુજ આજ બચાવ, કહી શાસ્ત્રમાં સ્ત્રીહત્યા સાર. વારાંગના.
જાઓ થાઓ ચક્ષુથી મુજ દુર, કરો નહીં ઘડી એક સબુર. વારાંગના.

હરિશ્ચંદ્ર–પોતાનો પોશાક ઉતારતી વખતે)મરાઠી ચાલની શાખી

ઉતારી મમ વસ્ત્રાભુષણો, હીંમત ધર આવાર;
અલંકાર હું અળગા કરીને, ભેખ ધરવા છું તઇયાર.
મુગટ તને મેં બહુ દીન ધરયો, કરયો બહુ સતકાળ;

કુંડળ કરણુથી અળગાં કરૂં હું, તજુ આ હીરાહાર.
તજું કંઠેથી મુગતારે માળા, ગળચવો છંડું અત્યાર.
આંગળીથી હું અળગા કરૂં છું, વેઢ વીંટી આવાર.
જરીયાન ઝભો શુંરે હું પેરૂ, કટીથી હેમની સાંકળ;
ચરણેથી હું તોડા તજુરે, વળી તજું નગ્ર જલ.

(તારામતિ પ્રત્યે.)

પ્રિયા તું મારી અહીંઆંરે આવ, શરમ આ વાર;
વસ્ત્રાભુપણો ઉતારી દે તું, શીને નહીં કર વાર.

(તારામતી) ઉપલી રાહ.

સ્વામી વચનથી સરવ તજું છુ, કંટકના સરવ શંગાર;
તજું સાડી કંચુકી જરીયાન, જડીત્ર કકણુ સાર,
સરવ તજું શંગાર હું અંગના, વેગે આણીવાર;
નિય પુત્ર તુ તજરે તારા, શોભીતા શણગાર.

રોહીતાશ્વર— દક્ષીણ રાહની લાવણી.

માતુ માહરરી આ શું વદો વાતરે. ટેક.
અરર હાય, કેમ તજાય, મન મુઝાય, લાગે લ્હાય;
તજતાં આ સંગારરે. માતુ.
બહુ મુને ગમે પેરવા, આ સંગારરે;
સુણી વચન કંપે તંન, વિકળ મંન, જાવું વંન,
આ શું વદો માતરે. માતુ.

સ્થળ શેહેર બહારનો દેખાવ.

હરીશ્ચંદ— આશાવરી જોગીઓ

પ્રણામ પ્રિતેથી કરૂં, આ શેહેરને આવાર;

છોડી જાવા હવે તુને, થયો તઇઆર,
મહેલ બગીચા બંગલા, વાડી કચેરી રાજ:
સરવને કરૂં પ્રણામ, વળી સકળ સમાજ.
ધન માલ કુટુંબને, વિશ્વામિત્રને પ્રણામ.
પ્રણામ વહાલા વેશને, મુજ દેશને પ્રણામ.

(એવામાં કેટલાક લોકો નગરમાં જવા સારૂ આવે છે. તે હરીચંદ્રને ઓળખી પુછે છે)

નગરબહારના જનો—(જીવોરે ગોપીચંદની એ રાહ.)
મહારાજા આમ શ્યા થકી, આવ્યા અત્રે આ વારજી;
ભેખ ધરયો શાને કારણે; પુત્ર અને નર નારજી;
કેમ દિસો રાજન શોકમાં; ટેક.

હરીચંદ્ર—આવ્યા અત્રે અમે વન જવા, ભેખ ધરીને આ વારજી:
નહીં દિલગીરી થાઓ સહુ તમે, ખોટી થાઓ ના લગારજી:
આપ પધારો સુખે નગ્રમાં. આપ.

નગર બા જનો—શાને માટે વન જવું પડે, ભેખ ધરીને મહારાજજી.
નથી દુખ તમ કોઇ વાતનું, ચાલો પુરમાં આજજી. કેમ.

હરી૦—જાઓ સુખે તમે નગ્રમાં, નથી હું તમ માહારાજજી,
રાજ્ય સોંપ્યું વિશ્વામિત્રને, ખુશી થઇને મેં આજજી; આપ.

ન. બ. જ.—શ્યા કારણથી સોંપ્યું આપે, વિશ્વામિત્રને રાજજી;
જોગટો શું રાજ ચલાવશે, એને શીગમ રાજકાજજી. કેમ.

(એટલામાં કેટલાક નગરવાશીઓ આવે છે.)

(નગરવાશી જનો હરીચંદ્રની નગરમાં આવવા પ્રાથના કરે છે. રાજાએ ન માન્યુ તેથી શહેર તરફ શોક ચહેરે જાય છે, અને હરીચંદ્ર વિગેરે સૌ વન તરફ ગમન કરે છે.)

સ્થળ રસ્તો.

હરીચંદ્ર વન તરફ જાયછે. એવામાં શોકાતુર ચહેરે સત્યકીરતી આવેછે.

સત્યકીરતી— ઓખાહરણની રાહ.

માહારાજા છો મમ શિરતાજ, શાને છંડો શેવકને આજ;
ઘડી આપ વિયોગ જો થાયે, દુઃખ પામું હું મારીરે કાય,
આપથી કેમ જુદોરે રહુ, આપ વિયોગે કદી ન સહુ;
કૃપા કરીને સંગે લ્યો મુજને, નહીં ભારે પડું હું તમને.
કાંઇ દાસ ઉપર દયા લાવો, કાંતો નગર ભણી પાછા આવો.
નહીં તો સ્વામી સંગે લ્યો મને, કરગરી કહું છું તમને.

સ્થળ—ગોમતીપુરનો આરો.

હરિચંદ્ર, તારામતી, રોહીત, સત્યકીરતી —ગઇ માત મારી જવુ તેની પાશે એ રાહ.

ગોમતી માત છે તારો આધાર, કેમ કરી તુને ઉતરીએ પાર;
પુર ચડયું છે ચોપાસ ભરપુર, કેમ જવાય કાશી ઝટ વાર. ગો.
હવે દીન નથી ઝાઝારે બાકી, કેમ કરી રૂણ આપું તે વાર. ગો.
ભોગ તું લે મમ રૂધીરનો માત, તૃપ્ત થઇ માંગે દે તું આ વાર. ગો.
સાંત થા મા તુ કરદયા શેવકપર, ઉતાર પાંચેને પેલેરે પાર. ગો.

(રૂધીરનો ભોગ આપી સરવે જણ પેલે પાર ઉતરેછે.)

સ્થળ—રસ્તો.

(કાશીના બે માર્ગ આવવાથી ખચકાઇને ઉભા રહેછે. અને ચોડે છેટે જોગીઓની પુર્ણકુટીકા છે ત્યાં પુછવા માટે જાય છે)

સરવસાધુ—નાથ કેસો ગજકો બંધ છોડાયો—એ રાગ.

જગતછે સહુ આ છે આળપંપાળ, એમાં આખર નથી કાંઇ માલ જ.
માત, ભગની, સુત દારા, સહોદર, તાત સહુ જુઠી જંજાળ;
એક ઇશનું નામ ખરૂ છે, બાકી બધુ અગ્ની ઝાલ. જગત.
લેવાય તેટલું લઇ લ્યો ભાઇ, રહેશે તે બળી જાશે;
પાપ પુન્યનું જાણવું એમજ, આળસુ તે જન પસ્તાશે. જગત.
કરો કમાઇ ભગતીની ભાઇ, સાચી એ જગમાં સગાઇ;
બાઇ ભાઈ સહુ કહેશે તમને, માયાના કહેવાશો ભાઈ. જગત.
કુટી બદામ જો નહીં હોય પાસે, તો બોલાવસે નહી કોઈ;
પામશો અપમાન જશો જ્યાંઇ જ્યાંઈ, બેસી રેશો સામું જોઇ. જગત.
માટે કરી લ્યો ભક્તી પ્રભુની, સર્વમાં એ શ્રેષ્ઠ;
પામશો સુખ ભવોભવ જેથી, દુઃખ નહીં દેખો જ્યેષ્ટ. જગત.

(સાધુઓ સ્તુતી કરી રહે છે એટલે તેઓને હરીશ્ચંદ્ર પુછે છે.)

હરીચંદ્ર—ગીરધારીરે વાત કહુ છું વીચારો. એ રાગ.

સાધુ જનરે સુખકારી છો સારા, મુજ ચક્ષુ તણા તમે તારા;
પ્રીતેથીરે નમીએ તમને આજ, વાત પુછીએ અમે મહારાજ.

ઝુલ.

રસ્તા બે છે સામ, કીયે રસ્તે કાશીનું ધામ, તે કહોને આત્મારામ.
પ્રીતેથી એ પંથે પરવરીએ, ત્યાં જઈ અચ્ચ કાર્ય કરીએ.

સાધુ-રાજા વાત કહુ છુ સાચી, પરણ્યો સાથ મારી—એ રાગ.

વાટ બન્ને આ કાશી તણી જાણો બાઇરે. (૨) ટેક.
જાણો ભાઇરે સત્ય માનો ભાઇરે. વાટ.
એક પંથ છ સામજ કેરો, બીજો છે નનો,

એ માર્ગ બહુ વીકટ છે તે સત્ય તમે માનો. વાટ૦
ટુંકે પંથે અનેક તરેહની, ભોગવશો અડચણ;
લાંબે પંથે કાંઈ ન મળે, ભો અડચણ એક ક્ષણ. વાટ૦

સ્થળ ભુતાવળીની જગા.

હરી૦— ખંજારા.
અહો પિશાચો છો સુખકારી, સુણો આજ અરજ અમારી.
કરો ભક્ષ્ય તમે આજ મારૂં, જેથી કારજ થાય તમારૂં.
વળી આપ થશો ઉપકારી. અહો ૦
દુઃખી દીનની અરજ દીલ ધારો, ઝટ આવી મુને સંહારો.
પ્રાસુ ઉદ્ધાર આપ હાથ ભારી. અહો ૦
તારામતી–પ્રાણનાથને નહીં તું ખાય, આવી ઝટ તું મુજ પર ધાય.
કર તૃપ્ત શરીર મુજ ભારી. અહો૦
રોહીતાશ્વર–નહીં માર તું મમ તાતમાત, સત્ય કહું તને સાક્ષાત;
ઝટ નાંખ તું મને સંહારી. અહો ૦
સત્યકીરતી–નહીં ખા તું પુત્ર નરનાર, વેગે આવી મુને સંહાર;
બચાવે ત્રણેને આ વારી. અહો૦
નક્ષત્ર—નહીં મુજ સામો તું ધાય, આ ચારે જણાને તું ખાય;
ઉગાર વીનતી ઉર ધરી મારી. અહો ૦
પીશાચ–નહીં ખાઇએ તમ ચાર જણાને, નહીં ખાઇએ અમે બ્રાહ્મણને;
ખુબ તૃપ્ત થયો લાડુ ખાઈ. અહો ૦

સ્થળ રસ્તો.

હરી૦ (ભરથરી ખાતા, વીચારીને વદો વાણ.) એ રાહ.
હે ઋષીરાજ (૨) નહીં સતાવો મુને આ વાર;

આથી વધું કષ્ટ પામુ તો પણ, ડગુ નહીં તલભાર.
આ દેહમાંથી (૨) કદી જીવજ જુદો થાય;
સમુદ્ર માઝા મુકે પણ, નહીં ડગુ આ રૂષીરાય.
આ દુઃખ કરતા (૨) વળી ઉતારો જીવતી ખાલ.
તે કરતાં વળી અરપું શીશ હું, ઉતારો તે તત્કાળ:
કદી ફુટેલ ઘડો, (૨) જો કાંઠા સુધી ભરાય;
તો પણ અસત્ય વદુ નહીં, કદી સોટીથી જળ જુદાં થાય.
સીંહ ઘાસ ખાય (૨) પશ્ચિમ પ્રગટે જો ભાણ,
નેવના નીર મોભે જાય પણ, અસત્ય વદુ નહીં વાણ.
આ દેહમાંહી (૨) જો રૂવે રૂવે પડે છેદ;
તે કરતાં કદી અસત્ય કષ્ટથી, ન ધરૂં દીલમાં ખેદ.
નમીને કહું છું (૨), આપ પધારો ધામે;
નહીં મુને ઝાઝુ સતાવો, કરવા દ મુજ કામ.

સ્થળ—અગ્નિનો દેખાવ.

હરિશ્ચંદ્ર—(ગઇ માતુ મારી જવું તેની પાસે) એ રાહ.
લેજેઅગ્ની માતુ ભોગ તુમારો હવે નથી આંહીઉગારવાનો આરો આજે
ચારેદિશાએ અગ્નિરે અગ્નિ,, દેખીશાંત થાએ જીવ કેમ મારો,
પુત્ર નારીની શી વલે થાસે, વળી મુઝાય છે મિત્ર આ મારો લેજે૦
જો હોય બીજો રસ્તો ત્યાં જાઉં, તે પણ નથી જવાનો આરો
વળી આ બ્રાહ્મણ છે મુજ સંગે, તે બહુ દુઃખી થાયે બિચારો લે૦
જો શાંત થાઓ તો ભક્ષ હું આપું, આ દેહ નથી કામનો મારો;
પ્યારા, પુત્ર, મિત્ર, રજા આપો મુને તુરત કરૂં અગ્નિભોગ આપી;
મારો, લેજે અગ્નિ.

તારામતી— **ગીતી.**

અગ્નિ માતુ મારા, ભોગ લઇને તૃપ્ત તું થા અંગ;
આવું છું તુજ પાસે, આજ મનમાં ધરીને ઉમંગ.

રોહીત— **(સહીયર દુઃખ શું દાખવું) એ રાહ.**

અરે માતું ઓ માહરી, ક્યાં ગઇ મુકી મુને;
તારા આ લઘુ બાળની, દયા નથી તુને. **અરે.**
પીતા મારા સુણો વાત મમ, જાવું માતની પાસ,
માતુ વિના કેમ રેવાય, નહીં ગમે આ વાસ. **અરે.**
છોડો પિતા કર માહરો, જઉં અગ્નિની માંય;
ઉલટ છે જાવા ત્યાં તણી, વાત મારી છે જ્યાંય. **અરે.**

હરીચંદ્ર— **ગીતી.**

ગયો પુત્રને નારી, તો પણ અગ્ની શાંતી નહીં પામી;
હું જાઉં એ સંગે, મિત્રે તાહરી સંગત હું વામી.

સત્યકીરતી—તરણે જણુને બાધા, અભાગણી ન થઈ શાંતી નારી
હે અગ્ની હત્યારી, હવે ભક્ષ કરતું માયા મારી.

સ્થળ કાશીની ભાગોળે વિશ્વનાથનું મંદીર.

બ્રાહ્મણો—(ધન્ય ધન્ય હરીનું નામ સકળ સહુ કરતા છે.)

સાચું છે હરીનું, નામ, સકળ જન માનોને;
ખોટું છે આળપંપાળ, સરવ સત્ય માનોને ટેક.
હરી ભજેથી પામીએ મુક્તિ, જુક્તિ એવી જાણો;
તે માટે સાકરોને ભક્તિ, કહેવાશે જણ શાણા. **સકળ૦**

માત તાતને સુત શહોદર, જુઠી એ સગાઇરે;
ખરી પ્રીત ને એક ઇશ્વિરની, જાણો જગમાં ભાઇ. સકળ૦
માયાની આ કાયા શોભે, કાયા રોગે ભરાણીરે;
મળ, મુત્રને લોહી હરિતની, તે પર જગત મોહાણી. સકળ૦
પરની સ્ત્રી વેસ્યાના ચારી, દુરગુણ જન બહુ દીઠારે;
ઇશ્વર ભક્તી કોઈ કરે વીરલા. બાકી મુખના મીઠા. સકળ૦
સંસાર ત્યાગી યોગ સાધો, સાચી એક કમાઇરે;
ઇશ્વર ભજનમાં દીન ગાળોને, જન્મ મરણ દુઃખદાઇ. સકળ૦
એ દુઃખ દુર કરો જન સહુ, સ્વરગ સુખ તમે સાધોરે;
જેથી અટવી પાર ઉતરસો, કરમ બંધ નહીં બાધો. સકળ૦

એવામાં હરિશ્ચંદ્ર વીગેરે આવે છે, ને સહુ સ્તુતી કરે છે:

હરીચંદ્ર તારામતી.
રોહીત સત્યકીરતી. } **દીંડી.**

**કાશી વિશ્વનાથ, અરજ ઉરે ધારો; દીન કીંકર સેવકને તમે તારો,
કરી આપ દરશન સફળ કીધો જન્મારો, ઘણા જન કેરાં આપે કષ્ટ કાપ્યા;
વળી દીન જનેનો આપે સુખ કાપ્યાં, આજ વિનતી કરે શેવક આ તમારો.
વિશ્વામિત્ર કેરૂ રણછે અમ માથે, લેવા આવ્યો છે શેવક અમ સાથ,
હવે નથી મારો એકે અહીંયાં આરો. એક સત્યતાને લીધે કષ્ટ સહુ. કા.
જીવ જાતાં કદી અસત્ય નહીં લહુ; ટેક રાખો પ્રભુ આપ અરે અમારો.
સ્તુતિ કરીએઆજ ઉમંગથી તમારીસ્વીકારો અરજઆપ શેવામાં અમારી;
આશરો છે અમને પ્રભુ એક તમારો. કાશી૦**

(સ્તુતી કરી રહ્યા પછી નક્ષત્ર હરીચંદ્રને વધારે દુઃખ દેછે તે જોઇ તારામતિ હરીચંદ્રને કહે છે.

તારામતી–(પીયુને તજાવનાર વેરી અલંકાર એ રાહ.)

સ્વામી કષ્ટ આવું તમે, ક્યાં સુધી સહો; ઇલાજનથીરે, કાંઇ છુટવા ચહો.
રૂપુછે રૂપીનું સ્વામી, આપણારે પર; નથીરે આપણી પાસે, આપવાને જર.
કષ્ટ તમ મુજ થકી, જોયું નહી જાય હવે છેલ્લો પ્રાણ પ્યારા, એકછે ઉપાય
મમ પુત્ર કેરો વિક્રય,કરો સ્વામીનાથ;તેના દામ આવેતો,આપો નક્ષત્ર હાથ.
સોચનહીં કરોસ્વામી,મનમાં લગાર;વેઠવાં લેજોઇએ આપણ,દુ:ખ દ નચાર.
વિનતી આ ઉર ધારી,કરોને વિક્રય; હઇડે ધીરધારો પ્રિય,રાખો નહીં ભય.
મમ પ્રિય સ્વામીનાથ, લગાડો ન વાર; કરીને વિક્રય અમ, પામો છુટકાર.

સ્થળ કાશીનું બજાર.

હરીચંદ્ર રાગ સાદ.

કરૂં વિક્રય પ્યારી પુત્રનો, હું સત્યાને કાજ.
નિરદય થઇને આજરે, હું સત્યાને કાજ. ટેક.
જે હસ્તે મેં લગ્ન કરયું, તે હસ્તે કરૂં વિકરય;
જે મુખથી વદ્યો મધુર વાણી, તે મુખથી થાય લયરે. હું.
મળ્યું મુને સુખ જેથી, તેનો કરૂં હું વિયોગ;
રેશે સ્મરણમાં ધરમ જેનો, હવે થયો દુ:ખ ગરે. હું.
નાગરીકો સુનો સહુ, વિત દયો આ દામ;
વિત દઇને દાસ દાસી, લઇ જાઓ પોતાને ધામરે. હું.

[બન્ને જણ જુદાં પડતી વખતે ગાય છે.]

પડું છું વીખુટો પ્રીયા સંયોગથી તારા એ રાહ.

હરીચંદ્ર—જાઓ ખુશીથી તમે આ, વિપ્ર સંધાથે આજ. ટેક.
તારામતી—જઇએ અમે તજીને તમને, સત્યવાદી મા'રાજ. ટેક.
હરીચંદ્ર—પરણી મુને સુખ ના પામી, ઓ મારી પ્રીયા;

દુઃખ દુઃખ દુઃખ દીઠું, વાલી મારે હાથ. જાઓ.

તારામતી—ના ધરો દુઃખ દીલમાં વાલા કરમે લખીયા લેખ;

ઉપાય કર મટે નહીં, લગાર તે મા'રાજ. જાઉ.

હરીચંદ્ર—રેજે હમેશાં સુખમાં, પ્યારી મારી રોજ;

કલેશ કાંઈ કરીશ નહીં, કરજે સુકૃત કાજ. જાઓ.

તારામતી—શોક નહીં ધરો પ્રાણ પ્યારા, પાળુ પ્રતિવ્રત ધરમ;

કરમ કરૂં ભકિત કેરાં, વળી કરૂં વિપ્ર કાજ. જાઉ.

હરી૦—પાપ પેલે જન્મ કીધાં, તેથી પામું દુઃખ;

તે સંગે વળી દુઃખી કરૂં, પુત્ર પ્યારી આજ. જાઓ.

તારામતી—આપ એમાં શું કરો છો, એમ કરમનો વાંક;

તે તમને આવી નડે, સાચ કહુંછું હું મા'રાજ. જાઉ.

હરી૦—હવે પધારો પુત્ર પ્યારી, સુખે વિપ્ર સાખ;

કરીને પ્રણામ છેલ્લા છુટો પડું આજ. જાઓ.

(હરિચંદ્ર રોહીતને જવા માટે કહે છે તેથી રોહીત કલ્પાંત કરે છે.)

રોહીતાશ્વ—(ઓધવજી સંદેશો કહેજો શ્યામને) એ રાહ.

નહીં તજીને જાઓ પિતા મુને અહીં તમે, આવી સદાકર આપની હરદમ જો;
કેમ ગમે મુને આપના વિના ઓ પિતા, પુજ્ય લાયક આપછો મારા દેવ જો.
દરશન કીધ થી સુખમાં, દીન બહુ જાયછે; આપ વિયોગે પામીશ હું તો દુખ જો.
કૃપા કરીને આપના સંગે લ્યો મુને; તો તો કાંઈ પામું હું તો સુખ જો.
જેમ પડે જળથી વિખુટી માંછલી, પડે માળાથી છુટું પક્ષી એક જો;
ગઉ ટોળાથી પડે વિખુટું વાછડું, પડે એકલડો હોય સગાં અનેક જો.
એ સરવે પામેછે દુઃખ તન કેટલું, તેટલું પામું આપના વિના દુઃખ જો;
દરવ વનનું પક્ષી જેમ અકળાય જો, તેમ હું આપ વિયોગે ન પામું સુખ જો.

સ્થળ અગ્નિશેનનું ઘર.

તારામતી—અહો ઇશ આ,દીનનેશુંકીધું,દુઃખ કીધા કેમ તે અમનેરે
દાજ હતું ને હયું તે, કષ્ટ કીધું તે બહુ અમનેરે. અહો.
કરાવ્યો વિક્રય મમને પુત્ર કરો, કરી પિયુથી અળગ અમનેરે. અ.
સ્વામી આપે હરિશ્ચંદ્ર ભવોભવ, એવી અરજ કરૂં હું તમનેરે. અ.

(રોહીતાશ્વર પોતાના મીત્રો સાથે ફુલ વિણુવા જાય છે.
એટલે તારામતી તેને શીખામણ દેછે.)

તારામતી— **ભયેરવી ગજલ.**

પુત્ર મારા સુણુ તું, એક શીખ માહરી;
જા તું આ શિશુ સંગાથે, સેવા બજાવવા તાહરી. પુત્ર.
રેજે સૌ શિશુની સાથ, જઇશ નહીં તું એકલો:
દોડીશ નહીં ત્વરા કરીને પુષ્ટ કરીને એકલો. પુત્ર.
જતો નહીં તું આઘો પુત્ર, શિશ સંગ છોડીને:
સંભાળજે મમ પુત્રને, નમુંછું ઇશ કર જોડીને. પુત્ર.
વિનંતી મારી ઉર ધારી, સાહ્ય કરો શંભુ તમે:
કષ્ટ મારાં કાપો ભોળા, આપને દાસી નમે. પુત્ર.

—:+:—

સ્થળ—કાળસેનનું ઘર.

કાળસેન— **નાનકાઇશાહનો રાગ.**

તું ઉઘાડ મારી પ્યારી, હું તો લાવ્યો સું બેગારી:
દયા જાણી દીલમાં તારી, ભારી પડે ન આપણી નારી;
સુંને મેહેનત પડે બહુ ભારી, કામમાં આવે તે બેગારી;
રાખી હું મહારી પ્યારી, સાચું કહું છું હું એ નારી,

રૂપઇઆ આપ્યાસે હજારી, તુંજ પાછે થઉં લાચારી;
માફ કર મુને આ વારી, ઝટ ખાવાદે મુને પ્યારી.
ખાંડે મસાણ સોખા નારી, પડે આપણને ભારી;
મુને થાયસે બહુ વારી, ઝટ જાતું મસાણ પ્યારી.

રંગુડી— (સ્વામી મારા છો સોહામણા.)એ રાહ.

મુઓ શીખ્યો ક્યાંથી નોકર રાખવા, નોતા પૈસા તારી પાસ.
કડલાં ઘડવા મેં કહ્યું તુને, ત્યારે કીધી નીરાસ. મુઓ.
ખાવા તને ત્યારે આપુ હું, કડલાં ઘડાવી લાવ્ય. (૨)
નહીં તો જાઉં હું પીયેર ભણી, વળી લાંકડા વહાવ્ય. મુઓ.

કાફસેન—સાને રીસાય મારી સુંદરી, લાવું હરણ આવાર, (૨)
ગુલામ તારાને આમ હું કરે, હું હું પ્યારી નાદાર. સાને
સ્હાવું મુખની હગ હું ? ઓ મારી સતુર નાર. (૨)
પાવ પડીને તુજને નમું, નમું હત વાર. સાને.

સ્થળ—અરણ્ય.

(રોહિતાશ્વર ફુલ વીણુવા જાય છે, એવામાં તેને સર્પ ડંસે છે)

રોહીતાશ્વર— (દયાળુ દેવ કૃપાળું.)

મીત્રો મારા, આવો પ્યારા, ચક્ષુ તારા, થયા ન્યારા એ રાહ.
ડંસ્યો મુને આંહીં ઝેરી સર્પ, ગયો લેવા હું તોરે દરબ. મી૦
કેજો મુજ માતને ભાઈ, મુઓ છે પુત્ર તુજ ભાઈ. મી૦
નહીં કરવા દેજો સોક, કરો જેમ તે પામે સંતોક. મી૦

નહીં હીંડવાની મુને આય, કરી કેમ હું આવું ત્યાંય. મા૦
હવે મારા તમોને પ્રણામ, સૌ જગતને હવે રામ રામ. મા૦
(રોહીતાશ્વર બોલતો બંધ થાય છે. એટલે તેના મિત્રો શોક કરે છે.)

સરવે મિત્રો— રાગ સીતાના મહીનાનો.

અરે મિત્ર વિવેકી, અમને મુકીને ક્યાં ગયો;
નહીં આવી દયા તુને કાંઇ, છોડી પ્રીત ક્યાં રહયો.
હતો ડાહયો સુગુણ ભંડાર, ચતુર વિલક્ષણો;
બહુ બુદ્ધિશાળી ભાગ્યવાન, તારી માએ તું જણ્યો.
જઇ કહીશું શું તારી માત, અરે ઓ ભ્રાતરે;
અહીં મુકી કેમ જવાય, એકલડો રાતરે,
કેમ કરીએ નહીં ઉપાય. તાબેદાર છઇએ અમે;
જરા જઇએ જો મોડા ત્યાંય, તો શેઠ અમને દમે.
લાચારીથી જઇએ સહુ, કોય તુને મુકી હીયાંયરે;
તુને મુએો દેખીને આજ, કંપે અમ કયરે.

સ્થળ—અરણ્ય.

(રોહીતાશ્વર મુએલો પડયો છે. ત્યાં તારામતી મિત્રોના કહેવાથી
(આવે છે, અને તેનું મડદુ ખોળામાં લઇ રૂદન કરે છે.)

તારામતી — રાગ વણઝારાનો.

ક્યાં ગયો મુને મુકી પુત્ર પ્યારારે, રડવડતી કીધી આ દુખને ચક્ષુ તારારે.
હતો આધાર એક તાહરો પુત્ર પ્યારારે, સ્તંભ તુટયો તુ માહરો ચક્ષુ તારારે.
હોત જો તું જ પિતા પાસ પુત્ર પ્યારારે, તો સુખની રહેત કાંઇ આશ ચક્ષુ તારારે,
કોણ જાણે તે ક્યાં હશે પુત્ર પ્યારારે, હવે આ જીવ મહારો જશે ચક્ષુ તારારે.

નથી આવી દશા તારી માતની, પુત્ર પ્યારા રે; કેમ સુતો તું અહીં શાંતથી, ચક્ષુ તારા રે. જ્યુ
એકવાર તું બોલ મુજ શંગ પુત્ર પ્યારા રે; દશા તારી જોઈ કંપુ અંગ ચક્ષુ તારા રે.

રાગ ઓખાહરણનો.

પુત્ર રોહીત ઉઠ બેઠો થાને, કેમ તજી દુખણી તારી માને;
તુંને જોઈ વિસારતી દુઃખ, હવે કેમ પામું અંગ સુખ.
પુત્રે જનમ ધરી દીઠું દુખ, નહીં મુજ કરમમાં સુખ;
કેમ વેરી થયો અરે તું તો. કેમ વિસારી મા આમ સુતો.
અખંડ ઉંઘ નેં અંગે ધારી, હાય બાપુ દશા શી આ તારી;
ઓ વિધાત્રી તું થઈ વેરણ મારી. કીધા ભવનું સારૂં વાળ્યું મારી.

સ્થળ—સ્મશાન.

ધુપ—કલ્યાણ.

હરીચંદ્ર—અહો પ્રિયા મારી, શી આ દશા તારી;
કહે તુ મુજને સત્ય સરવે, અંતરે વિચારી.

તારામતી—અગ્નિસેન બ્રાહ્મણને ત્યાંહી, કીધો વિક્રય આપ;
સોંપ્યા કારજ મમ પુત્રને, તેમાં થયો પરિતાપ.
પ્યારા મારા અહો વૃત્તાંત આપ કહો;
અંતરે વત્સા શા થકી તે, મમ પાસે લહો.

હરી૦—વિક્રય કરીને તુજ, પુત્રનો તરણ આપ્યું રૂપા રાય;
વળી માગી નક્ષત્રે દક્ષણા, કરવો શો ઉપાય. અહો૦

તારામતી—એક દીન મીત્રોની સાથે, મોકલ્યો રોહીત પુત્ર;

ગયો વનમાં પુષ્પ લેવાને, ત્યાં થયો સરપ કપુત. પ્યારા.

હરી૦—કાળસેન ચંડાળે લીધો, આપી મોહોર હજાર;
સોંપ્યું કામ મુને મુડદાનું, જુએ અંતરે આ વાર. અહો.

તારામતી—ક્યો કાળ જે આપ પુત્રને, કહીએ મીત્રોએ વાત;
રુદન લઈ હું ચાલી ત્યાંથી, દીઠો ચત્તાપાટ. પ્યારા.

હરી૦—મુડદાના મુખ કેરા ચોખા, ભક્ષણ કરવા સાર;
ઝટ તું તાર શિર કપાવા, હવે થારે તઇયાર. અહો.

તારામતી—ઉંચકીને હું લાવી અહીંઆં, દેવા અગ્નિ દાહ;
સળગાવી ચીત્તે હું જેથી, નાખવા સાધુ લાગ. પ્યારા.

હરી૦—સ્ત્રી હત્યા કહી શાસ્ત્રોમાં, સરવ હત્યાથી સાર;
પણ સતના પ્રભાવે કરીને, કરવી પડે તુને હાર. અહો.

તારામતી—એકદમ આવી આપ અંતરે કીધી મને નીરાસ;
કર આપનો લેવા માટે, ગઈ પાછી હું પ્યાસ. પ્યારા.

હરી૦—દઇવ ગતી ન્યારી છે ન્યારી, કોઈ ન પામે પાર.
રંક હોય તે રાય બનાવે, રાય થયા નાદાર. અહો.

તારામતી—દીઠો મારગમાં મૃત પામેલો, રોહીત જેવો બાળ;
નીચું જોઈ નીહાળું તેને, આવ્યો એવે રક્ષપાળ. પ્યારા.

હરી૦—એમાં દઇવને દોષ ના દેવો, દોષ કરમનો હોય;
પુરવ ભવે જે પાપો કીધાં, તે નડતર આંહી. અહો.

તારામતી—એકદમ બાંધીને મુને, લઇ ગયા રાજા પાસ;
ગુનો શિરે મુકી મોકલી, કરવા અંતરે નાસ. પ્યારા.

હરીઃ—સરસ તુજ વૃત્તાંત સુણીને, થયો વાકેફ હું મન:
ધ્યાન હરીનું ધરીને મનમાં કંપાય તારૂં તન. અહો

હરીચંદ્ર, તારામતિ ઉપર તલવાર ઉગામવા જાય છે. એટલે શીવ અંતરધ્યાનથી પ્રગટે છે અને તારામતિને બચાવે છે.

સમાપ્ત.

योग चिन्तामणि.

આ ગ્રંથ [illegible] ગુજરાતી [illegible] [illegible] [illegible] ભાષાંતર [illegible] ગુજરાતી [illegible] પુસ્તક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આવૃત્તિ. કિંમત [illegible] [illegible] [illegible] [illegible]

शिल्प दिपक.

(મૂળ સાથે ગુજરાતી ટીકામાં.)

ઘરો, કૂવાઓ, હવેલીઓ તથા મહેલ વગેરે બાંધવાનું (આકાર પ્રકાર) [illegible] આ પુસ્તક [illegible]

લખનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

પુસ્તકાલય—અમદાવાદ.